# ખેડા જિલ્લામાં ખુમારવાડથી સરદાર એકતા યાત્રાનો પ્રારંભ

## સરદાર સાહેબની દઢ સંકલ્પ શક્તિ, અજોડ કૂનેહ અને ત્વરીત નિર્ણય શક્તિના કારણે જ અખંડ ભારતનું નિર્માણ શક્ય બન્યું છે : દંડક પંકજભાઈ દેસાઈ

### પ્રથમ તબક્કામાં ૧૬૫ ગામોમાં એકતા યાત્રા પરિભ્રમણ કરશે




નડિયાદ, તા. ૨૦

આગામી તા. ૩૧ ઓક્ટોબરના રોજ લોહપુરૂષ અને અખંડ ભારતના શિલ્પી સરદાર સાહેબના જન્મદિવસે વિશ્વની સૌથી ઉંચી ૧૮૨ મીટરની પ્રતિમાનું વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા રાષ્ટ્રને અર્પણ કરવામાં આવનાર છે. આ પ્રસંગે સરદાર સાહેબના એક્તા અને અખંડિતતાના સંદેશાને જનજન સુધી ગામે ગામ પહોંચતો કરવા એક્તા યાત્રાનું સમગ્ર રાજ્યમાં આયોજન કરવામાં આવ્યું છે. ખેડા જિલ્લામાં ખેડા અને નડિયાદ પ્રાંતમાં યોજાનાર પ્રથમ તબક્કાની એક્તા યાત્રાનો ખેડા તાલુકાના ખુમારવાડથી વિધાનસભાના મુખ્ય દંડક પંકજભાઈ દેસાઈએ અને સાંસદ દેવુંસિંહ ચૌહાણે સરદાર એક્તા યાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું.

ખેડા જિલ્લામાં પ્રથમ તબક્કામાં ખેડા અને નડિયાદ પ્રાંત વિસ્તારના છ તાલુકાઓના ૧૬૫ ગામોમાં આગામી તા. ૨૯-૧૦-૨૦૧૮ સુધી સરદાર એક્તા યાત્રા પરિભ્રમણ કરશે અને ગામે ગામે સરદાર સાહેબના વિચારોને જનજન સુધી પહોંચાડવામાં આવશે.

આ પ્રસંગે દંડકે જણાવ્યું હતું કે, સરદાર સાહેબે વેર-વિખેર થતા ભારતને અખંડિત કરવાનું કામ, અજોડ કૂનેહ, દઢ સંકલ્પ શક્તિ અને ત્વરીત નિર્ણય શક્તિના કારણે જ અખંડ ભારતનું નિર્માણ શક્ય બન્યું છે. તેઓએ આઝાદીની લડતમાં અનેક ચળવળોનું સફળ નેતૃત્વ પૂરૂં પાડી સરદારની ઉપાધી મેળવી હતી. દેશને અખંડિત રાખવાના સરદાર સાહેબના પ્રયાસને આપણે સૌએ ભેગા મળી આગળ લઈ જવાનો છે અને તેમા સૌ નાગરિકોએ પોતાનું યોગદાન આપવું જોઈએ તેમ તેમણે ઉમેર્યું હતું.

આ પ્રસંગે સાંસદ દેવુંસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, સરદાર સાહેબને સાચા અર્થમાં શોભે તેવી અંજલી આપીશું. જેની નોંધ વિશ્વને લેવી પડશે.

આ પ્રસંગે વિધાનસભાના મુખ્ય દંડક અને ખેડા જિલ્લા સાંસદ સરદાર સાહેબની પ્રતિમાને પુષ્પ અર્પણ કરી આરતી ઉતારી હતી તેમજ એક્તા યાત્રાના રથનું પ્રસ્થાન કરાવ્યું હતું.

માતરના ધારાસભ્ય કેસરીસિંહ સોલંકી અને મહેમદાવાદના ધારાસભ્ય અર્જુનસિંહ ચૌહાણે પ્રાસંગિક ઉદ્દબોધન કર્યું હતું.

કલેક્ટર આઈ.કે.પટેલે સૌને એક્તાના શપથ લેવડાવ્યા હતા. ખુમારવાડ પ્રાથમિક શાળાની વિધાર્થિનીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ તથા સરદાર સાહેબનું જીવન કથન વ્યક્ત કર્યું હતું અને એક્તા યાત્રામાં ખેડા પ્રાંત અધિકારી રીટાબેન પંડ્યાએ સૌનું સ્વાગત કર્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી ડી.એન.મોદી, નિવાસી અધિક કલેક્ટર રમેશ મેરજા, નડિયાદ પ્રાંત અધિકારી લલિત પટેલ, ખુમારવાડના સરપંચ અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહયા હતા.